# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ

**પરિપત્ર ક્રમાંક :૧૪૦ /૨૦૧૭**

આથી આ યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોના સર્વે અધ્યક્ષશ્રીઓ/સંયોજકશ્રીઓ તેમજ સંલગ્ન કોલેજોના તમામ આચાર્યશ્રીઓને સુવિદિત છે તેમ, માર્ચ–જૂન–૨૦૧૭ ના ગાળાની પરીક્ષાઓથી માનનીય કુલપતિશ્રીના સીધા માર્ગદર્શન–આદેશ અન્વયે પરીક્ષા સુધારણાનો એક કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ છે.પ્રથમ તબકકામાં આ કાર્યક્રમમાં (૧) કેન્દ્રીય નિરીક્ષણ વ્યવસ્થા ( *Central Observation System*) અને (ર) પરીક્ષાના જે તે દિવસે જ ઉત્તરવહીઓ યુનિવર્સિટી કેમ્પસ ખાતે લાવી તેના તાત્કાલિક મૂલ્યાંકનની વ્યવસ્થા ( *Central Answerbooks Receipt & Assessment / Despatch System* ) ગોઠવવામાં આવી હતી અને આપ સહુના સક્રિય સાથ–સહકાર સાથે તેના અમલીકરણથી પરીક્ષાનાં પરિણામો ઝડપી પ્રસિધ્ધ કરવામાં જવલંત સફળતા મળેલ છે.

**પરીક્ષા સુધારણાના બીજા તબકકામાં, મદદનીશ કુલસચિવ (પરીક્ષા)ની સીધી દેખરેખ હેઠળ નીચે ક્રમાંક.(૧) થી (૪) માં દર્શાવેલ પરીક્ષાલક્ષી સાહિત્ય સ્વીકારવા/વિતરણ કરવાની કામગીરીનું કેન્દ્રીકરણ કરીને રીઝલ્ટ સેન્ટર બિલ્ડીંગના ભોંયતળિયે સ્ટેકરૂમ નં–૧ ખાતે કરવાના આથી આદેશ કરવામાં આવે છે.**

(૧) આંતરિક ગુણાંકન પત્રકો (હાર્ડ કોપી અને સી.ડી.)
**અગાઉ પરિપત્રીત કરાયેલ છે તેમ, તમામ પરીક્ષાઓના આંતરીક ગુણની સોફટકોપી ઈમેલ એડ્રેસ internal@ngu.ac.in પર જ મોકલવાની રહેશે,**

(ર) વિધાર્થીઓની સહીવાળા જુનિયર સુપરવાઈઝર અહેવાલ (ગ્રીનરિપોર્ટ),હાજર–ગેરહાજર રિપોર્ટ સ્વીકારવા,

(૩) યુનિવર્સિટી અને કોલેજો દ્વારા લેવાતી વિવિધ લેખિત–પ્રાયોગિક – ડીઝર્ટેશન – વાઈવા પરીક્ષાની પરીક્ષક માર્કશીટો તથા ઉત્તરવહીઓનાં સીલબંધ બંડલો/કવરો, સ્વીકારવા

(૪) પરીક્ષાનાં પરિણામ જાહેર થયા બાદ પ્રીન્ટ થયેલ માર્કશીટો કોલેજવાર વિતરણ કરવી અને તેનો રેકર્ડ નિભાવવો.

ઉપર (૧) થી (૩) માં દર્શાવેલ સાહિત્ય જે તે વિભાગ/કોલેજના આચાર્યશ્રીએ પરીક્ષા પૂર્ણ થયેથી એક અઠવાડિયામાં અચૂક સેમેસ્ટર/પરીક્ષાવાઈઝ અલગ અલગ વ્યવસ્થિત ફાઈલીંગ કરીને અચૂક જમા કરવાનું રહેશે.

**(કૃપયા ઉલટાવો)**

આ વ્યવસ્થાનો અમલ આગામી જુન–જુલાઈ ૨૦૧૭ ની પરીક્ષાઓથી કરવાનો રહેશે.

ઉપરોકત ફેરફારની નોંધ લેવા અને સંબંધિત સર્વે અધ્યાપકો–કર્મચારીઓના ધ્યાને આ સૂચનાઓ લાવી, તેનો ચૂસ્ત અમલ થાય તેની કાળજી લેવા સર્વે અધ્યક્ષશ્રીઓ/ સંયોજકશ્રીઓ/આચાર્યશ્રીઓને વિનંતી કરવામાં આવે છે.

પરીક્ષા સુધારણાના આ તબકકાવાર કાર્યક્રમમાં આપ સર્વેનો સક્રિય સાથ સહકાર હંમેશની જેમ ભવિષ્યમાં પણ મળી રહેશે અને વિધાર્થીઓના વિશાળ હિતમાં આપણે સહુ સાથે મળીને એક આદર્શ પરીક્ષા વ્યવસ્થા ઉભી કરી યુનિવર્સિટીને પ્રતિષ્ઠા અપાવીએ તેવી અપેક્ષા અને સંપૂર્ણ શ્રધ્ધા છે.

(મિતુલ એમ. દેલીયા)
કા.પરીક્ષા નિયામક

જાવક ક્રમાંક :પરી/૨/૧૪૨૩/૨૦૧૭
હેમ.ઉ.ગુ.યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી રોડ,
પાટણ–૩૮૪ ૨૬૫ (ઉ.ગુ.)
તારીખ : ૨૬/૦૭/૨૦૧૭

પ્રતિ,
– યુનિવર્સિટી અનુસ્નાતક વિભાગોના સર્વે અધ્યક્ષશ્રીઓ/સંયોજકશ્રીઓ
– યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ.
– માન.કુલપતિશ્રી/કા.કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી.
– સીસ્ટમ એનાલીસ્ટશ્રી,રીઝલ્ટ સેન્ટર(વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા વિનંતી સહ)
– યુનિવર્સિટીના તમામ શાખાઅધ્યક્ષશ્રીઓ.
– રીઝલ્ટ ટીમ, રીઝલ્ટ સેન્ટર